# જ્ઞાનપંચમી – મંગળવાર, ૯ નવેમ્બર ૨૦૨૧




દીપાવલીના પાંચમા દિવસે જ્ઞાન પંચમીનો પર્વ ઉજવવામાં આવે છે. તે 'લાભ પંચમી' અથવા 'સૌભાગ્ય પચમી' તરીકે પણ ઓળખાય છે.

જ્ઞાન એ આંતરિક આત્માનો પ્રકાશ માનવામાં આવે છે. જ્ઞાન સત્ય અને ખોટા વચ્ચેના તફાવતને સમજવામાં મદદ કરે છે.

જ્ઞાન પંચમી, એ શુદ્ધ જ્ઞાનની ઉપાસનાનો દિવસ છે. આ દિવસે, જૈન ધર્મના અનુયાયીઓ પ્રાચીન શાસ્ત્રો પ્રત્યે પોતાનો સ્નેહ અને આદર દર્શાવે છે. શાસ્ત્રોની પૂજા કરવામાં આવે છે. દરેક માટે જ્ઞાન અમૂલ્ય છે. તે સંપત્તિનો એક પ્રકાર છે, જેનું વિતરણ કરવાથી વધારો થાય છે. જ્ઞાન હંમેશાં જીવનના માર્ગને પ્રકાશિત કરે છે.

## પાંચ પ્રકારના જ્ઞાન

૧. મતિ જ્ઞાન: પાંચ ઇન્દ્રિયો (ચામડી, જીભ, નાક, આંખ, કાન)થી થતું જ્ઞાન.

૨. શ્રુત જ્ઞાન: ઇન્દ્રિયોના ઉપયોગથી ક્યાંય પણ રહેલાં જ્ઞાનને ભણવાથી, અક્ષર/શબ્દો બોલવાથી, સાંભળવાથી, વાંચવાથી અને સંજ્ઞાઓ કે સંકેતથી થતું જ્ઞાન.

૩. અવધિ જ્ઞાન: કોઈ પણ પુસ્તક, ઇન્દ્રિયો અને મનનાં સાધનો (મીડિયા)ના ઉપયોગ વિના પ્રાપ્ત થતું દૂરની વસ્તુ જણાવતું, ભૌતિક વસ્તુ સંબંધી જ્ઞાન. તેને દૈવી જ્ઞાન પણ કહેવામાં આવે છે.

૪. મન:પર્યવ જ્ઞાન: ઇન્દ્રિયોના ઉપયોગ વિના અન્યના મનની વાત, વિચારો આદીની જાણ આપતું જ્ઞાન

૫. કેવળ જ્ઞાન: સંપૂર્ણ જ્ઞાન. બધા સમયગાળા, ભૂતકાળ, વર્તમાન કાળ અને ભવિષ્ય કાળની દરેક બાબતનું જ્ઞાન જાણી શકાય તેને કેવળ જ્ઞાન કહેવાય છે.

## જ્ઞાન પંચમી આરાધના વિધિ



આ તપ કાર્તક સુદ પાંચમથી શરૂ થાય છે. શક્ય હોય તો એ દિવસે ઉપવાસ કરવો અથવા એકાસણું, બિયાસણું, આયંબિલ કે રાત્રિ ભોજનનો ત્યાગ કરવો.

એક ઊંચા સ્થાન ઉપર ધાર્મિક જ્ઞાનનું પુસ્તક મૂકવું. ધૂપ, દીપક, અક્ષત, નૈવેદ્ય અને ફળ રાખી શકાય. જ્ઞાનનું બહુમાન કરવા માટે રૂપાનાણું, પેન, પેન્સિલ, નોટબુક, પૈસા (જ્ઞાનની સામગ્રી) પણ રાખી શકાય.

બે હાથ જોડી અને જ્ઞાનની સ્તુતિ બોલવી.

### જ્ઞાનની સ્તુતિ

૧. નિવ્વાણણ-મગ્ગે વર-જાણ-કપ્પં
પણાસિયા-સેસ-કુવાઈ-દપ્પં
મય જિણાણં સરણં બુહાણં
નમામિ નિચ્ચં તિજગપ્પહાણં

૨. બોધાગાધં સુ-પદ-પદવી-નીર-પૂરાભિરામં
જીવાહિંસા વિરલ-લહરી-સંગમાગાહ-દેહમ્
ચુલાવેલમ ગુરુગમ-મણી સંકુલં દૂર-પારં
સારં વીરાગમ-જલ નિધિં સાદરં સાધુ સેવે

ત્યાર બાદ વાસક્ષેપ હોય તો આ પ્રમાણે જ્ઞાન પૂજા કરવી અથવા દર્શન કરવા.
જમણા હાથમાં વાસક્ષેપ લઈ:

* પુસ્તકની જમણી બાજુના ઉપરના ખૂણા પર મૂકી ૐ શ્રી મતિજ્ઞાનાય નમ: બોલવું
* પુસ્તકની જમણી બાજુની નીચેના ખૂણા પર મૂકી ૐ શ્રી શ્રુતજ્ઞાનાય નમ: બોલવું
* પુસ્તકની ડાબી બાજુની નીચેના ખૂણા પર મૂકી ૐ શ્રી અવધિજ્ઞાનાય નમ: બોલવું
* પુસ્તકની ડાબી બાજુના ઉપરના ખૂણા પર મૂકી ૐ શ્રી મનપર્યવજ્ઞાનાય નમ: બોલવું
* પુસ્તકની વચ્ચમાં મૂકી ૐ શ્રી કેવલજ્ઞાનાય નમ: બોલવું

વાસક્ષેપ પૂજા કર્યા બાદ, જ્ઞાનના પુસ્તક સન્મુખ ધૂપ, દીપક અને સ્વસ્તિક કરવા હોય તો ૫ અથવા ૫૧ સ્વસ્તિક કરવા. સ્વસ્તિક ઉપર નવૈદ્ય અને સિદ્ધ શિલા ઉપર ફળ મૂકવા.

## શ્રી ખમાસમણ સૂત્ર

ઇચ્છામિ ખમાસમણો!
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ
મત્થએણ વંદામિ

## જ્ઞાનના દુહા

નીચેના પાંચ જ્ઞાનના દોહા બોલવા અને ખમાસમણ દેવાં.

### ૧. શ્રી મતિ જ્ઞાનનો દુહો

સમકિત શ્રદ્ધાવંતને, ઉપન્યો જ્ઞાન પ્રકાશ
પ્રણમું પદ કજ તેહના ભાવ ધરી ઉલ્લાસ
ૐ હ્રીં શ્રી મતિજ્ઞાનાય નમો નમ: બોલીને ૧ અથવા ૨૮ ખમાસમણાં દેવાં.

## ૨. શ્રી શ્રુત જ્ઞાનનો દુહો

પવયણ શ્રુત સિદ્ધાંત તે આગમ સમય વખાણ

પૂજો બહુવિધ રાગશું ચરણ કમલ ચિત્ત આણ

ૐ હ્રીં શ્રી શ્રુતજ્ઞાનાય નમો નમ: બોલીને ૧ અથવા ૧૪ ખમાસમણાં દેવાં.

## ૩. શ્રી અવધિ જ્ઞાનનો દુહો

ઉપન્યો અવધિજ્ઞાન નો ગુણ જેહને અવિકાર

વંદના તેહને માહરી, શ્વાસ માંહે સો વાર

ૐ હ્રીં શ્રી અવધિજ્ઞાનાય નમો નમ: બોલીને ૧ અથવા ૬ ખમાસમણાં દેવાં.

## ૪. શ્રી મન:પર્યવજ્ઞાનનો દુહો

એ ગુણ જેહને ઉપન્યો, સર્વવિરતિ ગુણ ખાણ

પ્રણમું હેતથી તેહના ચરણ કમલ ચિત્ત આણ

ૐ હ્રીં શ્રી મન:પર્યવજ્ઞાનનાય નમો નમ: બોલીને ૧ અથવા ૨ ખમાસમણાં દેવાં.

## ૫. શ્રી કેવલજ્ઞાનનો દુહો

પરમ જ્યોતિ પાવનકરણ, પરમાત્તમ પરધાન

કેવલજ્ઞાન પૂજી કરી, પામો કેલજ્ઞાન

ૐ હ્રીં શ્રી મન: કેવલજ્ઞાનાય નમો નમ: બોલીને ૧ ખમાસણું દેવું.




*ચૈત્યવંદન આવડતું હોય તો કરવું.

*પછી ખમાસણું દઈને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન, શ્રી મતિ જ્ઞાન, શ્રી શ્રુત જ્ઞાન, શ્રી અવધિ જ્ઞાન, શ્રી મન:પર્યવ જ્ઞાન, શ્રી કેવલ જ્ઞાન આરાધનાર્થે કાઉસ્સગ્ગ કરું? ઇચ્છં ઊભા ઊભા બોલવું.

* શ્રી મતિ જ્ઞાન, શ્રી શ્રુત જ્ઞાન, શ્રી અવધિ જ્ઞાન, શ્રી મન:પર્યવ જ્ઞાન, શ્રી કેવલ જ્ઞાન આરાધનાર્થે કરેમિ કાઉસ્સગ્ગં

*શ્રી વંદણવત્તિયાએ સૂત્ર બોલવું

વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કરવત્તિઆએ, સમ્માણવત્તિઆએ,
બોહિલાભવત્તિઆએ, નિરુવસગ્ગવત્તિઆએ
સદ્ધાએ, મેહાએ ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસ્ગ્ગં

*પછી શ્રી અન્નત્થ સૂત્ર બોલવું.

અન્નત્થ ઊસસિએણં સૂત્ર
છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાય-નિસગ્ગેણં,
ભમલીએ, પિત્તમુચ્છાએ.
સુહુમેહિં અંગસંચાલેહિં,
સુહુમેહિં ખેલસંચાલેહિં,
સુહુમેહિં દિઢ્ઢિસંચાલેહિં,
એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ,
હુજ્જ મેં કાઉસ્સગ્ગો.
જાવ અરિહંતાણં ભગવંતાણં,
નમુક્કારેણં, ન પારેમિ.
તાવ કાયં, ઠાણેણં, મોણેણં,
ઝાણેણં, અપ્પાણં વોસિરામિ.

*ત્યાર બાદ ૫ અથવા ૫૧ શ્રી લોગસ્સ (ચંદેસુ નિમ્મલયરયા) સુધીનો કાઉસ્સગ્ગ કરવો. (૨૦ અથવા ૨૦૪ નવકાર મંત્ર)

*કાઉસ્સગ્ગ પારીને પ્રગટ લોગસ્સ કહેવો (૪ નવકાર મંત્ર).

## શ્રી લોગસ્સ સૂત્ર

લોગસ્સ ઉજ્જોઅગરે,
ધમ્મ તિત્થ યરે જિણે,
અરિહંતે કિત્તિઈસ્સં,
ચઉવીસં પિ કેવલી.
ઉસભ મજિઅં ચ વંદે,
સંભવ મભિણંદણં ચ સુમઈ ચ,
પઉમપ્પહં સુપાસં,
જિણં ચ ચંદ-પ્પહં વંદે.
સુવિહિં ચ પુપ્ફદંતં,
સિયલ સિજ્જંસ વાસુપુજ્જં ચ,
વિમલ-મણંતં ચ જિણં,
ધમ્મં સંતિં ચ વંદામિ.
કુંથું અરં ચ મલ્લિં,
વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ,
વંદામિ રિઠ્ઠ-નેમિં,
પાસં તહ વદ્ધમાણં ચ.
એવં મએ અભિથુઆ,
વિહુયરયમલા,
પહીણ-જર-મરણા,
ચઉ-વીસં પિ જિણ-વરા,
તિત્થયરા મે પસીયંતુ.
કિત્તિય વંદિય મહિયા,
જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા,
આરુગ્ગ બોહિલાભં,
સમાહિ વરમુત્તમં દિંતુ.
ચંદેસુ નિમ્મલયરા,
આઈચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવર ગંભીરા,
સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.

*પછી એક ખમાસમણ દેવું.

*જ્ઞાનનો મંત્રજાપ કરવો.

જ્ઞાનનો મંત્ર જાપ - ૐ હ્રીં નમો નાણસ્સ - ૨૦ નવકારવાળી અથવા શક્ય હોય એટલી માળાનો મંત્રનો જાપ કરવો.

*પછી એક ખમાસમણ દેવું અને બોલવું:

જ્ઞાન આરાધના કરતા જે કોઈ દોષ લાગ્યો હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં!

ખાસ નોંધ:

સંપૂર્ણ જ્ઞાન પંચમી વિધિનું રેકોર્ડિંગ પણ આ સાથે મોકલવામાં આવેલ છે.

જ્ઞાનનું બહુમાન અને તેની ઉજવણી કરવી ખૂબ જ ફળદાયક છે. શક્ય હોય ત્યાં સુધી જ્ઞાનની આરાધના કરવાનો પ્રયત્ન કરશો. જો શક્ય ન હોય તો જ્ઞાનનો મંત્ર જાપ અવશ્ય કરશો.